દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
બુધવાર ૪ ફેબ્રુઆરી, ૨૦૨૬

ખાલિસ્તાવાદીઓને છાવરતા કેનેડામાં અલગતાવાદની આગ ભડકી ઉઠી!

કેનેડા વર્ષોથી ખાલિસ્તાનની માંગ કરી રહેલા અલગતાવાદીઓને સંરક્ષણ આપી રહ્યું છે. જ્યારે પણ ભારતે આવા અલગતાવાદીઓ સામે કાર્યવાહીની માંગ કરી, ત્યારે તેણે હંમેશા તેને ફગાવી દીધી, પરંતુ હવે તેના પોતાના ઘરમાં જ 'ખાલિસ્તાન'ની આગ લાગી છે. તેના આલ્બર્ટા પ્રાંતની અલગતાવાદી તાકાતોએ તેને કેનેડાથી અલગ કરવાની માંગ ઉઠાવી છે. અને આને કારણે હવે કેનેડાને સમજાશે કે અલગતાવાદી ચળવળો એક રાષ્ટ્રને કેવી રીતે પરેશાન કરી શકે છે.

અમેરિકા સાથેની તંગદિલી વચ્ચે હવે આખી દુનિયાની નજર ડોનાલ્ડ ટ્રમ્પ પર છે કે જે કેનેડાએ તેમને પડકાર ફેંક્યો છે, તેઓ તેનો જવાબ કેવી રીતે આપે છે. 'ફાઇનાન્શિયલ ટાઇમ્સ'ના અહેવાલ મુજબ, અમેરિકી વિદેશ વિભાગના અધિકારીઓએ ગત એપ્રિલથી ત્રણ વખત એક એવા સંગઠનના નેતાઓ સાથે મુલાકાત કરી છે જેઓ ઈચ્છે છે કે આલ્બર્ટા કેનેડાથી અલગ થઈ જાય. આ સંગઠનનું નામ છે- 'આલ્બર્ટા પ્રોસ્પેરિટી પ્રોજેક્ટ', જે આલ્બર્ટાની આઝાદી માટે લોકમત (રેફરન્ડમ) કરાવવાની માંગ કરી રહ્યું છે. દરમિયાન, કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને કેનેડાની સાર્વભૌમત્વનું સન્માન કરવા વિનંતી કરી છે. વાસ્તવમાં, આલ્બર્ટા પશ્ચિમ કેનેડાનો તેલથી સમૃદ્ધ પ્રાંત છે, જે લગભગ અમેરિકાના ટેક્સાસ જેવડો મોટો વિસ્તાર ધરાવે છે. આ પ્રાંતમાં અંદાજે 50 લાખ લોકો વસે છે અને તે રોકીઝ પર્વતમાળા તથા બેનફ અને લેક લુઈસ જેવા પ્રવાસન સ્થળોથી ઘેરાયેલો છે. કેનેડામાં જેટલા તેલનું ઉત્પાદન થાય છે, તેનો 84 ટકા હિસ્સો માત્ર આલ્બર્ટા પ્રાંતમાં જ પેદા થાય છે. તેથી તેને કેનેડાનો 'એનર્જી પ્રાંત' પણ કહેવામાં આવે છે. રાજકીય દૃષ્ટિકોણથી તેને કેનેડાની કન્ઝર્વેટિવ પાર્ટીનો ગઢ માનવામાં આવે છે, જો કે તેના શહેરી

વિસ્તારો વધુ પ્રગતિશીલ છે.

કેનેડા લગભગ 50 વર્ષોથી ખાલિસ્તાનની માંગણી કરનારા અલગતાવાદીઓને આશરો આપી રહ્યું છે. જ્યારે પણ ભારતે કેનેડા પાસે તેમની સામે કાર્યવાહીની માંગ કરી છે, ત્યારે તેણે તે ફગાવી દીધી છે. પીએમ કાર્ની પહેલા જ્યારે જસ્ટિન ટ્રુડો કેનેડાના વડાપ્રધાન હતા, ત્યારે તેમણે ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જરની હત્યાને લઈને હોબાળો મચાવ્યો હતો. તેમણે નિજ્જરની હત્યાની આંતરરાષ્ટ્રીય સ્તરની તપાસની માંગ કરી હતી, જેના કારણે બંને દેશો વચ્ચે વિવાદ ઘણો વધી ગયો હતો. ઉલ્લેખનીય છે કે, બ્રિટિશ કોલંબિયાના સરેમાં 18 જૂન, 2023ના રોજ એક ગુરુદ્વારાની બહાર અજ્ઞાત હુમલાખોરોએ ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જરની ગોળી મારીને હત્યા કરી દીધી હતી. ભારતે તેને આતંકવાદી જાહેર કર્યો હતો, જે ખાલિસ્તાન ટાઈગર ફોર્સનો ચીફ હતો. કેનેડાએ આ હત્યાકાંડમાં ભારતની સંડોવણી હોવાનો દાવો કર્યો હતો. જસ્ટિન ટ્રુડોએ કેનેડાની સંસદમાં આરોપ લગાવ્યો હતો કે ભારત સરકારના એજન્ટોએ જ નિજ્જરની હત્યા કરી છે. જોકે, ભારતે કેનેડાના આરોપોને પાયાવિહોણા ગણાવ્યા હતા. આ વિવાદમાં કેનેડા અત્યાર સુધી ભારતને એક પણ પુરાવો આપી શક્યું નથી. આ નિજ્જરની હત્યાનો મુદ્દો ઉઠાવીને ટ્રુડોએ ભારતને ભારે ભીંસમાં લીધું હતું, પરંતુ ભારત વિરોધી કૃત્યો કરતા શીખ અલગતાવાદીઓ કેનેડાએ વર્ષોથી છાવર્યા હતા.

હજી પણ કેનેડામાં શીખ અલગતાવાદીઓ ભારત વિરોધી ઉધામા મચાવે જ છે અને હિન્દુ મંદિરો પર હુમલા કરે જ છે ત્યારે આલ્બર્ટાના પ્રકરણમાંથી બોધપાઠ લઇને કેનેડા આ ખાલિસ્તાનવાદીઓને કાબૂમાં લેવા હવે કંઇક કરશે એવી આશા રાખી શકાય.

જીવન એક તસવીર

એક ખૂબ જ પ્રખ્યાત ફોટોગ્રાફર હતો, પરંતુ ધીમે ધીમે તેને કામ મળવાનું ઓછું થયું. નવા ઘણા ફોટોગ્રાફર આવી ગયા એટલે જાણે જૂનાની જરૂરત ન રહી. ધીરે ધીરે તેમની ખ્યાતિ પણ ઓછી થવા લાગી. પ્રખ્યાત ફોટોગ્રાફરના હાથમાંથી ત્રણથી ચાર મોટા પ્રોજેક્ટ ચાલ્યા ગયા.

ફોટોગ્રાફર અત્યંત ગુસ્સે થઈ પોતાના ઘરે આવ્યો. તેનો અહમ્ ઘવાયો હતો. ઘરમાં આવીને પોતાના રૂમમાં તેણે તોડફોડ કરી, પછી કલાકો સુધી અંધારામાં રૂમમાં એકલો બેસી રહ્યો. ઘણો સમય થયો. ફોટોગ્રાફરની પત્નીએ તેના ગુસ્સાને શાંત કરવાનો પ્રયત્ન કર્યો પણ તે શાંત ન થયો.

ફોટોગ્રાફરના વૃદ્ધ પિતા પોતાના હાથમાં તેમના જમાનાનો

જૂનો કેમેરા લઈને આવ્યા અને દીકરા પાસે મૂક્યો. આંખોથી જ શાંત થવા સમજાવ્યું અને પાણી મંગાવીને પીવડાવ્યું, પછી પિતા બોલ્યા, '' દીકરા, આ ફોટોગ્રાફીની કળા તને કોણે શીખવી છે?'' ફોટોગ્રાફરે કહ્યું, '' પિતાજી તમે જ શીખવી છે પણ મને માફ કરજો. હવે મને પહેલાં જેવું કામ મળી નથી રહ્યું.'' પિતાજી બોલ્યા, ''તેં પહેલો ફોટો આ કેમેરાથી પાડ્યો હતો?'' ફોટોગ્રાફરે કહ્યું, 'હા.' પિતાજીએ કહ્યું,

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

'' મેં તને ફોટો પાડતાં શીખવ્યું હતું?'' ફોટોગ્રાફરે કહ્યું, 'હા' એટલે પિતાજી બોલ્યા, ''તો પછી તારી ભૂલ નથી. મારી જ ભૂલ છે કે મેં તને ફોટોગ્રાફીના મૂળભૂત સિદ્ધાંત બરાબર નથી સમજાવ્યા.''

ફોટોગ્રાફર બોલ્યો, ''ના ના, બાપુજી તમે તો બધું જ શીખવ્યું હતું. હું પણ કશું જ ભૂલ્યો નથી. આ તો મારું નસીબ જ એવું છે કે હવે મને કામ મળતું નથી. મને માફ કરજો.'' પિતાજી બોલ્યા, ''તો પછી મને જણાવ કે સૌથી સારી ખૂબસૂરત તસવીર બનાવવા તારા આજના આધુનિક નહીં પણ મારા જુના કેમેરામાં શેની જરૂર પડે?''

ફોટોગ્રાફરે કહ્યું, 'નેગેટિવની...' પિતાજીએ બીજો પ્રશ્ન પૂછ્યો, ''સારું પરિણામ મેળવવા અને નેગેટીવમાંથી સુંદર તસવીર ડેવલપ કરવા શું જરૂરી હતું?'' ફોટોગ્રાફરે કહ્યું, ''અંધકાર હોય તેવો રૂમ ખાસ જરૂરી હતો.'' પિતાજીએ કહ્યું, ''બરાબર વાત છે. તો હવે તું મારી વાતને સમજ. ભલે, હવે આ કેમેરા વપરાશમાં આવતો નથી અને નવા આધુનિક કેમેરા આવી ગયા છે પણ ઈશ્વર એક ફોટોગ્રાફર છે અને તે આપણા બધાના જીવનની તસવીરને બનાવે છે એટલે સમજ કે જ્યારે જીવનમાં પડકાર, પીડા, હાર, અવરોધોનો અંધકાર આવે ત્યારે સમજી જવું કે ઈશ્વર ભવિષ્યની સુંદર તસવીર નિર્માણ કરી રહ્યો છે. જીવનમાં બનતી નકારાત્મકતા એ કોઈ સારી તસવીર પાછળની નેગેટિવ છે. દુઃખ, હતાશા, નિરાશાના અંધકાર પછી સુખ, પ્રગતિ, ખુશીનો પ્રકાશ ફેલાય છે. તું તારું કામ નિષ્ઠાથી કર. ઈશ્વરને તારા જીવનની તસવીર નિર્માણ કરવા દે. એ ફોટોગ્રાફરે કંઈક વધુ સુંદર, કંઈક વધુ સારું વિચાર્યું હશે.'' પિતા પાસેથી સાચી સમજણ મેળવી ફોટોગ્રાફર બમણા ઉત્સાહ સાથે પોતાનું કામ કરવા લાગ્યો.

બજેટ 2026: ભારતીય અર્થતંત્ર માટેના સંકેતો અને વ્યૂહાત્મક સુધારા

અવારનવાર
ડો.નાનક ભટ્ટ

મૂડી ખર્ચ દ્વારા આર્થિક વૃદ્ધિ અને રોજગારી સર્જનનું લક્ષ્યm બજેટ 2026 ખર્ચ પ્રત્યેનો ઉત્સાહ અને આવક પ્રત્યેના સંયમનું મિશ્રણ પ્રદાન કરે છે

નાણામંત્રી નિર્મલા સીતારમણે ૧ ફેબ્રુઆરીના રોજ તેમનું સતત ૯મું રેકોર્ડબ્રેક બજેટ રજૂ કર્યું. તેમણે ભારતીય અર્થતંત્રમાં સુધારા લાવવા અને સામાન્ય જનતા માટે નાણાંના ખ્યાલને સરળ બનાવવા માટે અનેક પગલાંની જાહેરાત કરી હતી.

ટેક્સ સ્લેબમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી; રૂ. 12.75 લાખ સુધીની આવક કરમુક્ત રહે છે. કેન્સરની જીવનરક્ષક દવાઓ સસ્તી થવાથી, બાળકોના વિદેશી શિક્ષણ માટે મોકલવામાં આવતા ભંડોળ પરના ટેક્સમાં ઘટાડો અને આગામી પેઢી માટે ઉચ્ચ ગુણવત્તાવાળી રોજગારી સર્જનના ઉદ્દેશ્ય સાથે રૂ. 12.2 લાખ કરોડના જંગી મૂડી ખર્ચ દ્વારા નોંધપાત્ર રાહત મળી છે.

ભારતનું સંરક્ષણ બજેટ વધીને રૂ. 7.85 લાખ કરોડ થયું છે, જેમાં આધુનિકીકરણ માટે ભંડોળમાં 21.84%નો વધારો થયો છે. 'ઓપરેશન સિંદૂર'ની ભાવના હેઠળ, મૂડી ખર્ચ રૂ. 2.19 લાખ કરોડ સુધી પહોંચ્યો છે, જેમાં એરક્રાફ્ટ અને એરોએન્જિનની ખરીદી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. વધેલી ફાળવણીનો અર્થ લશ્કરી સજ્જતા છે.

કોઈ મોટી ધમાકેદાર જાહેરાતો કરવામાં આવી નથી. એકંદરે જોતાં, આ ક્ષેત્રવાર અને મુદ્દા-આધારિત પગલાં મધ્યમ ગાળામાં ભારતની વૃદ્ધિને વેગ આપવાનું લક્ષ્ય રાખે છે. ભૌગોલિક-આર્થિક અને ભૌગોલિક-રાજકીય અનિશ્ચિતતાઓને કારણે મોદી સરકારે સાવચેતીપૂર્વક આગળ વધવાનું પસંદ કર્યું છે.

બજેટ 2026માં ઉત્પાદન અને સેવા ક્ષેત્રો માટેની જાહેરાતો, તેમ જ ટેક્સટાઇલ અને ચામડા જેવા શ્રમ-સઘન ક્ષેત્રોને ટેકો આપવા માટે લક્ષિત જોગવાઈઓનો સમાવેશ થાય છે. ઉત્પાદનના સંદર્ભમાં, બજેટમાં સાત સુવ્યાખ્યાયિત ક્ષેત્રોમાં પગલાં સામેલ છેઃ બાયોફાર્મા, સેમિકન્ડક્ટર્સ, ઈલેક્ટ્રોનિક્સ, રેર અર્થ (દુર્લભ પૃથ્વી તત્ત્વો), રસાયણો, મૂડીગત વસ્તુઓ અને કાપડ.

સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ એ એવા કેટલાક ક્ષેત્રો છે જેમને સરકારની વર્તમાન પ્રોડક્ટિવિટી લિંક્ડ ઇન્સેન્ટિવ (પીએલઆઈ) યોજનાઓથી ફાયદો થયો છે. આ એવા ક્ષેત્રો છે જ્યાં ભારતને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનવાની જરૂર છે.

'બાયોફાર્મા શક્તિ' યોજનાનો ઉદ્દેશ્ય ભારતને આગામી પાંચ વર્ષમાં 10,000 કરોડની ફાળવણી સાથે એક વૈશ્વિક બાયોફાર્મા મેન્યુફેક્ચરિંગ હબ બનાવવાનો છે. ફાર્માસ્યુટિકલ્સ, જે ક્ષેત્રમાં ભારત પહેલેથી જ સારું પ્રદર્શન કરી રહ્યું છે, તેને યુએસના 50% ટેરિફમાંથી મુક્તિ આપવામાં આવી છે.

વર્તમાન ટેરિફથી પ્રભાવિત ક્ષેત્રોને ટેકો આપવો પણ મહત્ત્વપૂર્ણ છે. ગયા બજેટમાં જાહેર કરાયેલ નેશનલ એક્સપોર્ટ પ્રમોશન મિશન નાણાકીય વર્ષના નવ મહિના વીતી ગયા બાદ, ડિસેમ્બર 2025 સુધીમાં જ અમલમાં આવ્યું હતું. કેન્દ્ર સરકારે એ સુનિશ્ચિત કરવું જોઈએ કે, ટેક્સટાઇલ ક્ષેત્ર માટે આ બજેટના સંકલિત કાર્યક્રમમાં સમાન વિલંબ ન થાય.

સાથે જ, 'ચેમ્પિયન એમએસએમઈ' બનાવવા માટેના વિવિધ પગલાં, તેમને ઇક્વિટી, તરલતા અને વ્યાવસાયિક ટેકો પૂરો પાડવા માટેના અમલીકરણમાં ઝડપ લાવવી આવશ્યક છે. એમએસએમઈ ભારતીય નિકાસમાં 48.6% હિસ્સો ધરાવે છે અને ઈયુ એફટીએ (યુરોપિયન યુનિયન મુક્ત વેપાર કરાર), ભલે તેને લાગુ કરી દેવામાં આવે તો પણ, યુએસ ટેરિફને કારણે થઈ રહેલા નુકસાનને સરભર કરવા માટે પૂરતી ઝડપથી અસરકારક સાબિત થશે નહીં.

સેવા ક્ષેત્રને પણ બજેટ 2026થી ફાયદો થવાની અપેક્ષા છે. નાણામંત્રી દ્વારા જાહેર કરવામાં આવેલી ઉચ્ચ-સ્તરીય 'એજ્યુકેશન ટુ એમ્પ્લોયમેન્ટ એન્ડ એન્ટરપ્રાઇઝ' સ્ટેન્ડિંગ કમિટી ટૂંક સમયમાં કાર્યરત થવી જોઈએ.

હેલ્થકેર અને મેડિકલ ટૂરિઝમ પર ધ્યાન કેન્દ્રિત કરવું, જ્યાં ભારત પહેલેથી જ શક્તિ વિકસાવી રહ્યું છે, તે એક સારી શરૂઆત છે. બજેટના બહુપક્ષીય અભિગમને અનુરૂપ, કેન્દ્રએ આ વર્ષે ચૂંટણીવાળા રાજ્યોને અનેક નાની જાહેરાતો દ્વારા ફાયદો પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે – જેમ કે ઓડિશા, કેરળ, આંધ્ર પ્રદેશ અને તમિલનાડુને લાભ આપવા માટે સમર્પિત 'રેર અર્થ કોરિડોર', કેરળ માટે નાળિયેર પ્રોત્સાહન યોજના, પશ્ચિમ બંગાળ માટે સંકલિત પૂર્વ કિનારા ઔદ્યોગિક કોરિડોર, અને ઓડિશામાં શરૂ થનારા નવા રાષ્ટ્રીય જળમાર્ગો પૈકીનો પ્રથમ જળમાર્ગ.

કેન્દ્રની નાણાકીય સ્થિતિ વિશે વાત કરીએ તો બજેટ 2026 ખર્ચ પ્રત્યેનો ઉત્સાહ અને આવક પ્રત્યેના સંયમનું મિશ્રણ પ્રદાન કરે છે. ખાસ કરીને ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે મૂડી ખર્ચમાં વધારો ચાલુ રાખવામાં આવ્યો છે, કદાચ એવા અહેસાસને પ્રતિસાદ રૂપે કે વર્તમાન પરિસ્થિતિઓ ખાનગી રોકાણને પ્રોત્સાહિત કરતી નથી.

મહેસૂલના મોરચે, કેન્દ્રએ વ્યક્તિઓ અથવા કોર્પોરેશનો માટે કોઈ મોટા ટેક્સ કાપની જાહેરાત કરી નથી. ૨૦૧૯ અને ૨૦૨૫માં અનુક્રમે, કોર્પોરેશનો અને વ્યક્તિઓને નોંધપાત્ર ટેક્સ રાહત મળી હતી. વધુ જાહેરાતો કરવાથી કેન્દ્રીય નાણાં પર બિનજરૂરી દબાણ આવ્યું હોત એવા સમયે જ્યારે તેની ખર્ચની પ્રતિબદ્ધતાઓ–જાણીતી અને અપેક્ષિત–નોંધપાત્ર છે.

જોકે, જ્યારે પ્રત્યક્ષ વેરામાં મોટા ભાગે પ્રક્રિયાગત સુધારાઓ કરવામાં આવ્યા છે, ત્યારે બજેટમાં મરીન (દરિયાઈ), ચામડા અને ટેક્સટાઇલ ઉત્પાદનોની નિકાસને પ્રોત્સાહન આપવા અને ભારતના ઊર્જા સંક્રમણને વેગ આપવા માટે પરોક્ષ વેરામાં શ્રેણીબદ્ધ રાહતો રજૂ કરવામાં આવી છે.

એકંદરે જોતાં, કેન્દ્રની રાજકોષીય ખાધ ૨૦૨૬-૨૭માં જીડીપીના ૪.૩% રહેવાનો અંદાજ છે, જે ૨૦૨૫-૨૬ માટે અંદાજિત ૪.૪% કરતાં ઓછી છે. કોવિડ-૧૯ મહામારી પછી કેન્દ્રનો રાજકોષીય એકત્રીકરણનો માર્ગ પ્રશંસનીય રહ્યો છે.

સમગ્ર રીતે જોતાં, બજેટ ૨૦૨૬ એવા લોકોને નિરાશ કરી શકે છે જેઓ મોટા પાયે ટેક્સ રાહત અથવા સબસિડીની અપેક્ષા રાખતા હતા, પરંતુ આમ છતાં તે એક ભરોસેમંદ અને પ્રશંસનીય પ્રયાસ છે.

-આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ગાંધીના ગુજરાતમાં હવે શહેર અને ગામડું તેવી ભૂગોળ ભૂંસી નાખીએ

ફિંગર પ્રિન્ટ
શેખર ઐયર

ગ્રામીણ લોકો જાગૃત થતાં જાય છે. તેમને પણ હવે ઊંચું જીવનધોરણ જોઈએ છે. આધુનિક ભૌતિક સગવડો પણ જોઈએ છે. ગામડાંનાં લોકોની મહત્ત્વાકાંક્ષાઓ વધી છે. આ પરિસ્થિતિમાં સંગઠિત પ્રયત્નો કરવાની જરૂર છે. સુગ્રથિત દૃષ્ટિકોણથી ગામડાંને બેઠાં કરવાની જરૂર છે

ગાંધીવિચાર અને ગ્રામવિકાસ વચ્ચે આજે પણ સંયોજન જરૂરી છે. સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી ગામડાંની હાલત વધારે બગડી છે. જમીનો ઘટતી જાય છે, ખેડૂતો પોતાનાં બાળકોને જમીન આપી શકે તેમ નથી. શહેરમાં જાય તો ગરીબી, બેરોજગારી, ગંદા વસવાટો, રોગ વગેરેનો ભોગ બને છે. ભારતમાં શહેરીકરણને કારણે ઘણા પ્રશ્નો ઉદ્ભવ્યા છે. ગામડાંનો યુવાન ગામડાંમાં રહીને પણ કાંઇ મેળવી શક્તો નથી અને શહેરમાં જાય તો પણ અનેકવિધ સમસ્યાથી ઘેરાયેલો રહે છે. આજની આ વિષમ પરિસ્થિતિના ઉકેલ માટે ફરી એક વાર ગાંધીવિચારો સમજવા અને અમલમાં મૂકવા જરૂરી બને છે.

ગાંધીજીના સમયમાં યંત્રયુગ ન હતો. તેથી ગામડામાં ઉદ્યોગ શરૂ થાય તો તેની સામે હરીફાઇનો પ્રશ્ન ન હતો. પરંતુ એ.આઇ. યુગમાં તો ગામડાંમાં પરંપરાગત ગૃહઉદ્યોગો અને હસ્તઉદ્યોગો ટકી શકે તેમ નથી. આથી ગ્રામ્ય ક્ષેત્રે એવા ઉદ્યોગો હોવા જોઈએ કે ગામનાં લોકો સાથે મળી કામ કરી શકે. ગ્રામ્ય ક્ષેત્રે જ સોલાર વીજળીના ઉત્પાદનની જરૂર છે, જેથી ઉદ્યોગોને પણ વીજળી મળે, ગૃહસુવિધા સન્માનજનક બને અને એકંદરે પરિસ્થિતિમાં સુધારો આવે.

ગુજરાતમાં ટેક્સટાઇલ મીલો ખતમ થઇ ગઇ, કારણ આપણે વિશ્વનાં બજારો સામે ટકી શક્યાં નહીં. વિશાળ કદના ઉદ્યોગોમાં મેનેજરો અને વહીવટી કર્મચારીઓ વધારે પ્રમાણમાં જરૂરી બને છે. મૂડીરોકાણ પણ વધારે કરવું પડે છે. સમગ્ર વહીવટ ઘણો ખર્ચાળ બને છે. તેને બદલે મધ્યમ કક્ષાની ટેકનોલોજીનો ઉપયોગ થાય તેવા ઉદ્યોગો વિકસાવવાની જરૂરિયાત છે.

જયાં કાચો માલ હોય ત્યાં જ પાકો માલ બનાવવાની વ્યવસ્થા ઊભી કરવી જોઇએ. આમ કરવાથી ટ્રાન્સપોર્ટેશન ખર્ચમાં ઘટાડો થશે.

સૌરાષ્ટ્રમાં અને સુરતમાં લગભગ ૧૮ લાખ લોકો હીરા ઘસવાના વ્યવસાયમાં રોકાયેલાં છે. આ લોકો બહુ ભણ્યાં નથી. ટેકનિકલ સંસ્થામાં તાલીમ પણ લીધી નથી. છતાં રોજીરોટી મેળવી શકે છે. મૂળભૂત રીતે ગામડાંનાં લોકો પ્રમાણમાં ઝડપી ઔદ્યોગિક કૌશલ વિકસાવી શકે છે. ગ્રામ્ય વિકાસ માટે નાના અને મધ્યમ કદના ઉદ્યોગોને પ્રાધાન્ય આપવું જોઈએ અને મોટા ઉદ્યોગોને થોભવાનું કહેવું જોઈએ.

ગાંધીજીએ ખાદીગ્રામોદ્યોગ સંઘ એવો શબ્દપ્રયોગ કર્યો છે. ખાદી અને ગ્રામોદ્યોગ બન્ને અલગ છે. ખાદી એ વસ્ત્ર છે. ખાદી તૈયાર કરવા માટે અનેક લોકોને રોજી રોટી મળી રહે તથા નીચી કિંમતનાં વસ્ત્રો પણ મળી રહે તે દૃષ્ટિએ તેનું મહત્ત્વ છે. ગ્રામોદ્યોગનો અર્થ એ છે કે, જયાં કાચો માલ હોય ત્યાં જ તેનો પાકો માલ તૈયાર કરવો જેથી લોકોને શહેરની ઝૂંપડપટ્ટીમાં જવું ન પડે. ગામડાંમાં રહેતાં લોકો શહેરમાં જઇ વસે તે યોગ્ય ઉપાય નથી. ગામડાંનાં લોકો ગામડાંમાં રહીને હોંશથી કમાય અને કોઇના ઓશિયાળા ન રહે તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવાની જરૂર છે.

ગ્રામીણ લોકો જાગૃત થતાં જાય છે. તેમને પણ હવે ઊંચું જીવનધોરણ જોઇએ છે. આધુનિક ભૌતિક સગવડો પણ જોઇએ છે. ગામડાંનાં લોકોની મહત્ત્વાકાંક્ષાઓ વધી છે. આ પરિસ્થિતિમાં સંગઠિત પ્રયત્નો કરવાની જરૂર છે. સુગ્રથિત દૃષ્ટિકોણથી ગામડાંને બેઠાં કરવાની જરૂર છે.

ગામડાંમાં જતાં પહેલી વસ્તુ તમને દેખાશે કે ગામડામાં જમીનો ખૂટવા માંડી છે. જૂજ ગ્રામિણો નોકરી ધંધો કરે છે. બાકીનાં તો જમીનો વેચી કોઇક નવો ધંધો શરૂ કરવાની ઇચ્છાથી શહેર તરફ જતાં થયાં છે. પરંતુ શહેરમાં પણ આટલી મોટી વસ્તીને સમાવવા જગ્યા નથી, ધંધા નથી. ગામડાં ખાલી થાય છે અને શહેરો ઉભરાઈ રહ્યાં છે. પરિણામે મુંબઇના ધારાવીમાં પણ આજે ઝૂંપડું ઊભું કરવાની શકયતા નથી રહી! પરિસ્થિતિનો ઉકેલ છે ગામડાંઓને ઉદ્યોગ આપવા. ઉદ્યોગને વીજળી આપવી અને બજાર આપવું.

ગામડાં બેઠાં કરવાં હોય તો સંગઠિત રાજકારણનો અર્થ સમજવો પડશે. યોગ અને ક્ષેમની વ્યવસ્થા માટે રાજકારણને કાબૂમાં રાખવાના માર્ગો શોધવા પડશે. પંચાયતો જયારે ગામડામાં નહોતી ત્યારે ગુંડાઓનું રાજ નહોતું પણ પંચાયતો આવી તે પછી ગુંડાઓનું રાજ આવ્યું, કારણ કે નાગરિકોનું સુયોગ્ય સંગઠન થાય તેવું શિક્ષણ આપણને શાળામાંથી જ આપ્યું નથી. ગાંધીજીએ નાગરિકોનું સંગઠન કરવું તથા મતદારોમાં જાગૃતિ લાવવી તેને રચનાત્મક કામ ગણાવેલું.

અંગ્રેજોના સમયની ભારતની પરિસ્થિતિ અને સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ ભારતની પરિસ્થિતિની તુલનાથી જોઇએ તો અંગ્રેજો આપણે ત્યાં આવ્યાં ત્યારે આ દેશ સમૃદ્ધ હતો. તેમાં ખેતી તથા ઉદ્યોગો પરસ્પર જોડાયેલાં હતાં.

ઉદ્યોગ અને ખેતી પરસ્પરને ટેકારૂપ હતાં. પરંતુ આજે ગામડાં કાચો માલ પેદા કરે અને પાકા માલનો નફો બીજા લોકો લઇ જાય છે તે કેવું! આજે એક કિલો ઘઉંનો ભાવ 28/- છે અને ઘઉંમાંથી બનતા બિસ્કિટનો ભાવ એક કિલોના 150/- છે. આ વધારાના નફાના રૂપિયા શહેરો લઇ જાય છે. આથી કાચા માલમાંથી પાકો માલ ગામડાંમાં જ પેદા થાય તે જોવું જોઇએ.

અંતરિયાળ ગામડાનાં છેલ્લાં માનવીના ભાગે વિકાસનાં છાંટણાં જ મળ્યાં છે. આથી જહોન ગેલબ્રેથે એના છેલ્લા પુસ્તકમાં વિકસિત દેશોમાં ઊભા થયેલા મધ્યમ વર્ગ સંબંધે તારવ્યું છે કે આ મધ્યમ વર્ગ એટલો શક્તિશાળી બની ગયો છે કે ગરીબોનાં આરોગ્ય કે બીજી પ્રાથમિક જરૂરિયાતો સંતોષાતાં પણ એ રાજયને અટકાવે છે.

આવું કંઇક અંશે આપણે ત્યાં બન્યું છે. ૭૯ વર્ષ પછી આજે ૨૦૨૬માં પણ ભારતને હજુ સાક્ષરતા, પ્રાથમિક આરોગ્ય, ગ્રામ માર્ગો, પીવાનું પાણી, પ્રાથમિક શિક્ષણ જેવી બાબતો માટે ઘણું કરવાનું બાકી છે. સ્વરાજ્ય એટલે જ સમાનતા, સહિષ્ણુતા, અપરિગ્રહ, સહુને સાથે લઇ ચાલવાની ગાંધીજીની પના જેને તેઓ ગ્રામ્ય સ્વરાજ પણ કહેતા. આજે પણ વિકાસનો આ જ શ્રેષ્ઠ પર્યાય છે, તે ન ભૂલીએ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

ફારસરૂપ વિદેશનીતિ

આપણા વિશ્વગુરુએ છેલ્લાં 11 વર્ષમાં અઢળક વિદેશ પ્રવાસો કર્યા અને એની પાછળ પ્રજાનાં કરોડો રૂપિયા ખર્ચાયા. ઉપરાંત વિદેશી નેતાઓ સાથે ભેટાભેટી કરી છતાંય આપણે વિદેશનીતિમાં નિષ્ફળ જઈ રહ્યાં હોઈએ એવું પ્રતીત થઈ રહ્યું છે. એટલું જ નહીં, ઉલટા નેપાળ, શ્રીલંકા, બાંગ્લાદેશ, માલદિવ, કેનેડા જેવા ઘણા દેશો સાથે આપણા સંબંધો સાનુકૂળ રહ્યા નથી. બાંગ્લાદેશમાં થતી હિન્દુઓની હત્યા બાબતે ઈન્ગ્લેન્ડની સંસદમાં નોંધ લેવાય છે પણ આપણા કથિત પ્રખર હિન્દુવાદી, બોલકા અને યશસ્વી વડા પ્રધાન મૌન ધારણ કરીને બેઠા છે. વિશ્વમાં આતંકવાદી દેશ તરીકે કુખ્યાત થયેલો દેશ પાકિસ્તાન જો સાઉદી અરેબિયા સાથે રક્ષા કરાર કરી શકતું હોય, આઈ.એમ.એફ. પાસેથી કરોડો અને અરબોની લોન મેળવી શકતું હોય, ઓપરેશન સિંદૂર વખતે ચીન, તુર્કી અને અઝરબૈજાન જેવા દેશોની સહાય અને સાથ મેળવી શકતું હોય તો સવાલ જરૂર થવાનો કે આપણા વિશ્વગુરુ શું વિદેશોમાં ફક્ત સેરસપાટા કરવા જતાં હતાં? ઓપરેશન સિંદૂર વખતે કેટલા દેશો ખુલીને આપણી પડખે ઊભા રહ્યા? કરોડોના ખર્ચે આટલા વિદેશ પ્રવાસો થયા તો એની ફલશ્રુતિ શું? ડોનાલ્ડ ટ્રમ્પે સૌથી વધારે ટેરિફ 50% ભારત પર ઝીંક્યો. હમણાં સૌથી વધારે ડ્રગ્સ ઘુસાડનાર 26 દેશોની યાદીમાં ભારતનું નામ પણ જોડ્યું. ટ્રમ્પની ધમકીથી રશિયા પાસેથી ક્રુડ ઓઈલ ખરીદવાનું બંધ કર્યું, એટલું જ નહીં ઈરાનના ચાબહાર બંદર પરથી પીછેહઠ કરવી પડી. છકી ગયેલા છાકો પાડવા નીકળે ત્યારે ફારસ જ હાથમાં આવે.

સુરત - પ્રેમ સુમેસરા

સાયકલ પર ફરતો સિક્યુરીટી ગાર્ડ વિમાનમાં ઊડ્યો!

દેશના શહીદ જવાનોને સ્પર્શતી એક ઘટના બની. ગત 26મી જાન્યુ. 2026 ના રોજ નરેન્દ્રભાઈ મોદીના એક રાષ્ટ્રિય કાર્યક્રમમાં સુરતના એક સિક્યુરિટિ ગાર્ડ જીતેન્દ્રસિંહ રાઠોડનું સન્માન કરવામાં આવ્યું ત્યારે દેશનાં અખબારોએ અને સોશ્યલ મીડિયાએ તેની સુખદ નોંધ લીધી. આ સિક્યુરિટી ગાર્ડની એવી શું વિશેષતા રહી હતી કે આટલા મોટા વિશેષ સન્માનનો હક્કદાર બન્યો? આ જીતેન્દ્રસિંહ છેલ્લાં 26 વર્ષથી શહીદ જવાનોની તસ્વીર અને તેમના વિશેના લેખ સંગ્રહ કરવાનો શોખ કેળવેલો. સુરતની SVNITમાં વૉચમેનની નોકરી કરતા આ માણસે તેની મર્યાદિત આવકમાંથી પણ પોસ્ટકાર્ડ ખરીદી શહીદ જવાનોના ઘરે દીકરાના સ્વરૂપે લખતો અને આશ્વાસનરૂપી ફરજ બજાવતો. પહેલા વિશ્વયુધ્ધથી લઈને કારગીલ યુધ્ધ અને ઓપરેશન સિંદૂર સુધીના યુધ્ધની માહિતીઓનું અલભ્ય કલેકશન પણ કરતો રહ્યો. આવી 2 લાખ જેટલા શહીદ જવાનોની માહિતી, 24 હજાર કરતાં વધુ તસ્વીરો અને શહીદોના પરિવારને લખેલા પત્રોની 250 કરતાં વધુ કોપી તેમના સંગ્રહમાં જોવા મળે છે. શહીદોના 15 હજારથી વધુ પરિવારોનો ટેલિફોનિક સંપર્ક પણ ધરાવે છે. દેશભક્તિની મિશાલ જેવા રાજસ્થાન ભરતપુરના પણ સુરત સ્થિત આ જીતેન્દ્રસિંહની માહિતી મોદી સાહેબે